C.C.NO-3867/2025

**મે. છોટાઉદેપુર ના એડી.સીવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક(એ.પી.જોષી) સાહેબ શ્રી. ની કોર્ટમાં**
**મુ.છોટાઉદેપુર**

**ફો.કેસ. નં.૩૮૬૭/૨૦૨૫**

**આંક–૦૪**

**GJCU020075492024**

**ફરીયાદી:–** શ્રી સરકાર.

<u>વિરૂધ્ધ</u>

આરોપી:–મોબીનભાઈ ઈદ્રીશભાઈ સુગરી

રહેવાસી.મહુડી ફળીયા,છોટાઉદેપુર.તા.જી.છોટાઉદેપુર

ગુન્હા :– <u>બી.એન.એસ.*કલમ –૨૨૩ મુજબ..*</u>

–:: ઠ રા વ ::–

૧ ફરીયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે આ કામના આરોપી અધીકારી ની પરવાનગી વગર અનઅધિક્રુત ગેરકાયદેસર રીતે પેટ્રોપંપ ચોકડી છોટાઉદેપુર પાસે હાઈવે રોડની બાજુમાં મોટર સાયકલ લે વેચ કરી વેચાણ કર્યા અંગેનું રજીસ્ટર નહી નીભાવી જિલ્લા મેજીસ્ટ્રેટ ના જાહેરનામાનો ભંગ કરતો મળી આવેલ જે અંગે ફરીયાદનીફરીયાદ ઉપરથી બી.એન.એસ.કલમ –૨૨૩ મુજબનું ચાર્જશીટ રજૂ રાખેલ છે.

૨ નામદાર અદાલતમાં આરોપી હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો પૂરી પાડી આંક–૦૩ ગુન્હા કબૂલાત ની પુરશીશ રજૂ કરતાં તેઓની કબૂલાત સ્વેચ્છા પૂર્વકની હોવા બાબતે ખાતરી કરી આંક – ૦૨ પ્લી રેકર્ડ કરતાં આરોપીએ સ્વેચ્છા પૂર્વક ગુન્હાની કબૂલાત કરેલ છે આરોપીની સ્વેચ્છિક કબૂલાત નહી માનવાને કોઈ કારણસર રહેતૂ નથી આરોપીને આ કાયદા હેઠળની સજાની સમાજ કરવામાં આવેલ છે.

૩ કેસની હકીકત આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છિક કબૂલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત રાજ્ય વિરુધ્ધ નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર. ૨૦૦૫(૧) પાનાં નં. ૭૦૯ ) આપેલ સમજૂતી મુજબ આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હિત સચવાય તેમ છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પૂરતા કારણો જણાતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુકમ ::–

આ કામના આરોપી–મોબીનભાઈ ઈદ્રીશભાઈ સુગરી– બી.એન.એસ.એસ ની કલમ–૨૬૪ મુજબ થી બી.એન.એસ.કલમ –૨૨૩ મુજબ ના ગુનાના કામે દોષિત ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૫૦૦/– ( અંકે રૂપિયા પાંચસો પૂરા ) દંડ કરવામાં આવેલ છે અને જો આરોપી દંડ નભરે તો દિન–૦૨ ની સાદી કેદ ની સજાનો હુકમ કરવામાં આવે છે. આરોપીએ ભવિષ્યમાં આપ્રમાણેની અનઅધિકૃત ગેરકાયદેસર પ્રવુત્તી કરવી નહી.

ઉપરોકત હુકમ આજરોજ તા.૧૩ મી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજ સ્પેશીયલ સીટીંગ માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કરવામા આવે છે.

સ્થળ :– છોટાઉદેપુર

તારીખ :–૧૩/૦૯/૨૦૨૫

(અમીષ પ્રફુલચંદ્ર જોષી)
એડી.સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક
છોટાઉદેપુર
( Judge Code:- GJ01446)

Receipt No.-______________/2025__
Received Rs. 500/- FIVE hundred Rupees Only
Date-13/09/2025

Nazir

C.J.M Court Chhotaudepur